| GJBK040010872025 | | કેસ રજુ તારીખ | ૦૬–૦૨–૨૦૨૫ | | |
|---|---|---|---|---|---|
| | | કેસ દાખલ તારીખ | ૦૭–૦૨–૨૦૨૫ | | |
| | | ફેસલ તારીખ | ૩૧–૦૭–૨૦૨૬ | | |
| | | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૧ | ૦૫ | ૨૪ |

## ડીસા તાલુકાના મહે.એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં.

**ક્રિમીનલ કેસ નંબર : ૮૨૯/૨૦૨૫**
**આંક : ૨૪**

| | | |
|---|---|---|
| ફરિયાદી | : | **શ્રીરામ ફાઈનાન્સ લી.,**<br>**(જુનુ નામ: શ્રીરામ સીટી યુનીયન ફાયનાન્સ લી.)**<br>બ્રાન્ચ લીગલ હેડ: મહેશભાઈ કેશાભાઈ સમેચા,<br>ઉ.વ.આ. ૩૩, ધંધો–નોકરી,<br>રહે. બીજા માળે, પી.કે. પ્લાઝા પાસે,<br>ઈસ્કોન ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, હવાઈ પીલ્લરની સામે,<br>ન્યુ આઈ.સી.આઈ.સી.આઈ. બેંક પાસે,<br>મુ.ડીસા, તા. ડીસા, જી. બનાસકાંઠા. |
| | **વિ રૂ ધ્ધ** | |
| આરોપી | : | **કરણભાઈ નથુભાઈ ખડેડીયા,**<br>ઉ.વ.આ.પુખ્ત, ધંધો–વેપાર,<br>રહે. ગજાનંદ કોલ્ડ સ્ટોરેજ, રાણપુર આથમણોવાસ,<br>પ્રાઈમરી સ્કુલ પાસે, તા.ડીસા, જિ.બનાસકાંઠા. |

| | | |
|---|---|---|
| બાબત | : | **ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ...** |

| | | |
|---|---|---|
| ફરિયાદી તરફે | : | વિ. વકીલશ્રી બી.જે.જોષી |
| આરોપી તરફે | : | વિ. વકીલશ્રી એમ.પી.પરમાર |

**||| ઠ રા વ |||**

**ફરિયાદ ની હકીકત:–**

(૧).. આ કામે ફરિયાદી ધ્વારા હાલની ફરિયાદ આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૮ ના ગુના અંગે દાખલ કરી ફરિયાદમાં મુખ્યત્વે જણાવેલ છે કે, ફરીયાદી ફાયનાન્સ કંપની છે અને ફાયનાન્સ ધીરાણ આપવાનું કામ કરે છે. ફરીયાદી સદર ફાયનાન્સમાં લીગલ હેડ તરીકેનો હોદ્દો ધરાવે છે અને ફરીયાદી બેંકનું નામ ''શ્રીરામ સીટી યુનિયન ફાયનાન્સ લી.'' હતુ અને તેનું નવું નામ ''શ્રીરામ ફાયનાન્સ લી.'' બનેલ હોઈ ફાયનાન્સ તરફથી ફરીયાદીને ફરીયાદ કરવા માટે પાવર ઓફ એટર્નીથી સત્તા અને અધિકાર આપેલ હોઈ,જે રૂએ હાલની ફરીયાદ કરેલ છે. ફરીયાદી શ્રીરામ ફાયનાન્સ લી. (જુનુ નામ : શ્રીરામ સીટી યુનીયન ફાયનાન્સ લી.) પાસેથી આ કામના આરોપીએ તા.૨૩/૦૭/૨૦૨૨ ના રોજ રૂા.૭૯,૦૦૦/– ની Two Wheeler હેતુ માટેની લોન લીધેલ હતી,જેનો લોન નં.DEESATW2207070003 છે. સદરહુ લોનની ફરીયાદીએ આરોપી પાસે બાકી લ્હેણી રકમની ઉઘરાણી કરતાં આરોપીએ ફરીયાદી સંસ્થામાં જઈ બાકી લ્હેણી ચડત રકમ પેટે તેમના ખાતાનો ચેક બંધન બેંક, ડીસા શાખાનો ચેક નં.૦૦૦૦૦૩, તા.૧૬/૧૨/૨૦૨૪ ના રોજનો રૂા.૧,૩૮,૦૦૦/– અંકે રૂપિયા એક લાખ આડત્રીસ હજાર પુરાનો ચેક આરોપીએ સહી કરીને ફરીયાદીના નામનો આપેલો અને ચેક આપતી વખતે આ કામના આરોપીએ ફરિયાદીને વિશ્વાસ અને ભરોસો આપેલો કે,સદરહુ ચેક બેંકમાં વટાવવા માટે રજુ કરશો એટલે ચેકના પુરેપુરા નાણા અદા થશે. ફરીયાદીએ આરોપીના કથન ઉપર વિશ્વાસ અને ભરોસો રાખી સદરહું ચેક આઈ.સી.આઈ.સી.આઈ. બેંક લી. ડીસા શાખામાં વટાવવા માટે ભરેલો. સદરહું ચેક કલીયરન્સ માટે આરોપીના ખાતામાં જતાં સદર ચેક''Funds Insufficient''ના શેરા સાથે તા.૧૮/૧૨/૨૦૨૪ ના રોજ પરત ફરેલ.સદર ચેક પરત ફરતાં ફરીયાદીએ આરોપીને રજી.પો.એડી.થી ચેકમાં દર્શાવેલી લેણી રકમ ચુકવી આપવા વકીલ મારફતે તા.૧/૦૧/૨૦૨૫ ના રોજની લેખિત માંગણા નોટીસ પાઠવેલી. આ કામના આરોપીને મોકલેલ નોટીસ તા.૩/૦૧/૨૦૨૫ ના રોજ બજી ગયેલ છે. આમ આ કામના આરોપીએ આજદિન સુધી ફરીયાદીની કાયદેસરની લેણી રકમ વસુલ આપેલ

નથી. આમ, આ કામના આરોપીએ નેગોશીયબલ ઈન્સ્ટુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ હોય, હાલની ફરિયાદ દાખલ કરેલ હોય, આરોપી સામે વોરંટ કાઢી, પકડી મંગાવી, યોગ્ય નશ્યત કરવા તેમજ ફરિયાદી ફાયનાન્સને ચેકની રકમ વ્યાજ સહીત આરોપી પાસેથી અપાવવા અરજ કરેલ છે.

<u>**ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૪ ની કલમ–૨૨૩,કલમ–૨૨૭, કલમ–૨૩૦ તથા કલમ–૨૭૪ મુજબની કાર્યવાહી:–**</u>

(૨).. આ કામે રેકર્ડ ધ્યાને લેતા, આ કામના ફરિયાદી ઘ્વારા અત્રેની અદાલતમાં ફરિયાદ દાખલ કરવામાં આવતાં અત્રેની અદાલત ઘ્વારા ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૪ ની કલમ–૨૨૩ મુજબનું વેરીફીકેશન સ્ટેટમેન્ટ નોંધી, આ કામના આરોપી સામે ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૪ ની કલમ–૨૨૭ મુજબનું ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના ગુનાનો પ્રોસેસ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. ત્યારબાદ આ કામના આરોપીને સમન્સની ધોરણસરની બજવણી થતાં આ કામના આરોપી તેમના વકીલશ્રી સાથે અત્રેની અદાલત સમક્ષ હાજર થતાં તેઓને ફરિયાદ તથા સંલગ્ન દસ્તાવેજોની નકલો ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૪ ની કલમ–૨૩૦ મુજબ વિના મુલ્યે મળી ગયા અંગેની ખાતરી કર્યા બાદ, આરોપીની ઉપરોકત ગુના સંદર્ભે ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૪ ની કલમ–૨૭૪ મુજબ આંક–૧૧ થી આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવતા, આરોપીએ તેની વિરૂઘ્ધના ગુનાનો ઈન્કાર કરેલ છે. તેથી આરોપી સામે આગળની ઈન્સાફી કાર્યવાહી સમન્સ ટ્રાયેબલ કેસની રીતે ચલાવવામાં આવેલ છે અને તે રીતે હાલનો કેસ સમન્સ ટ્રાયેબલ કેસની રીતે ચાલેલ છે.

<u>**ફરિયાદપક્ષ તરફે મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ**</u>:–

(૩).. આ કામે ફરિયાદપક્ષ ઘ્વારા નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**:: મૌખિક પુરાવો ::**

| ક્રમ | આંક | સાહેદનુ નામ |
|---|---|---|
| ૧ | ૪ | ફરીયાદી મહેશભાઈ કેશાભાઈ સમેચાનું સરતપાસનુ સોગંદનામું |

**:: દસ્તાવેજી પુરાવો ::**

| ક્રમ | આંક | દસ્તાવેજનુ વર્ણન |
|---|---|---|
| ૧ | ૧૨ | તકરારી ચેક |
| ૨ | ૧૩ | ચેક રીટર્ન મેમો |
| ૩ | ૧૪ | નોટીસની સ્થળપ્રત |
| ૪ | ૧૫ | આરોપીને મોકલાવેલ નોટીસની રજી.પો.એ.ડી.ની પાવતી |
| ૫ | ૧૬ | આરોપીને મોકલાવેલ નોટીસનું ટ્રેક કન્સાઇન્મેન્ટ |
| ૬ | ૧૭ | સ્પેશીયલ પાવર ઓફ એટર્ની |
| ૭ | ૧૮ | આરોપીનું લોન સ્ટેટમેન્ટ |

(૩.૧) ફરિયાદપક્ષનો પુરાવો રજુ થયા બાદ ફરીયાદીની ઉલટતપાસ માટે આરોપી હાજર રહેતા ન હોઈ ફરીયાદીએ આંક-૨૧ થી અરજી આપી, આરોપી કે તેમના વકીલશ્રી ફરીયાદીની ઉલટ તપાસ દરમ્યાન હાજર રહેતા ન હોય,કે કોઈ રીપોર્ટ આપેલ ન હોય ફરીયાદીની ઉલટ તપાસ કરવાનો આરોપીનો હકકબંધ કરવા અરજી આપતાં,સદર અરજી અત્રેની અદાલત ધ્વારા મંજુર કરી આરોપીનો ફરીયાદીની ઉલટ તપાસનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩.૨) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક-૨૨ થી પુરાવા બંધની પુરસીસ રજુ થયેલ છે. જેમાં ફરિયાદી વધુ કોઈ લેખિત કે મૌખિક પુરાવો આપવા માંગતા નથી તેવું જાહેર કરેલ છે.

**<u>આરોપીપક્ષ તરફે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ</u>:-**

(૪).. હાલના કામે આરોપીપક્ષ ધ્વારા પોતાના બચાવમાં કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

**<u>આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૪ ની કલમ–૩૫૧ મુજબનું નીવેદન</u>:–**

(૫).. હાલના કામે આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૪ ની કલમ– ૩૫૧ મુજબનું નીવેદન લેતા,તેમાં આરોપીએ ફરિયાદપક્ષના પુરાવાની હકીકતોનો ઈન્કાર કરેલ છે.તેમજ તેઓએ વિશેષમાં જણાવેલ છે કે,''અમો આરોપી સામે ખોટો કેસ કરેલ છે.''

**<u>ફરિયાદપક્ષ તથા આરોપીપક્ષ તરફેની ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૪ ની કલમ–૩૫૨ મુજબની દલીલો</u>:–**

(૬).. હાલના કામે ફરિયાદી તરફે મૌખિક દલીલો કરવામાં આવેલ છે.ફરિયાદી તરફે મૌખીક દલીલોમાં મુખ્યત્વે જણાવેલ છે કે, ફરિયાદી ફાયનાન્સ કંપનીમાંથી આરોપીએ વ્હીકલ લોન લીધેલી. જેની બાકી પેટે આંક–૧૨ વાળો તકરારી ચેક આપેલો. સદર ચેક આંક–૧૩ વાળા રીટર્ન મેમા મુજબ ''Funds Insufficient'' ના શેરાથી પરત આવેલો. ત્યારબાદ ફરિયાદી ધ્વારા આંક–૧૪ થી આરોપીને સ્ટેચ્યુટરી નોટીસ આપેલી, જે નોટીસ તા.૩/૦૧/૨૦૨૫ ના રોજ બજી ગયેલ છે. તેમ છતાં આરોપીએ દિન–૧૫ માં ચેકની રકમ ચુકવેલ નથી કે નોટીસનો કોઈ જવાબ પણ આપેલ નથી. જેથી સમયમર્યાદામાં હાલની ફરિયાદી દાખલ કરેલ છે. હાલના કામે આંક–૧૭ થી સ્પેશીયલ પાવર ઓફ એટર્ની, આંક–૧૮ થી લોન સ્ટેટમેન્ટ રજુ કરેલ છે. હાલના કામે આરોપી તરફે ફરિયાદીની ઉલટતપાસ કરવાનો હકક બંધ કરવમાં આવેલ છે. ફરિયાદીએ દસ્તાવેજી તથા મૌખીક પુરાવાઓથી પોતાનો કેસ પુરવાર કરેલ હોય, આરોપીને કાયદા મુજબની સજા કરવા તથા ફરિયાદીને આરોપી પાસેથી કાયદા મુજબનું વળતર અપાવવા રજુઆત કરેલ છે.

(૬.૧) વધુમાં અત્રે ઉલ્લેખનીય છે કે હાલનું કામ જે દિવસે આખરી દલીલો માટે રાખવામાં આવેલ, ત્યારે પણ આરોપી કે તેમના વિ.વ.શ્રી હાજર રહેલ ના હોય અને કોઈ મુદત રીપોર્ટ પણ રજુ રાખેલ ના હોય, ફરિયાદી તરફે આંક–૨૩ થી આરોપીની દલીલોનો હકક બંધ કરવાની અરજી આપેલ છે.જે મંજુર થતા હાલના કામે આરોપીની દલીલોના હકક પણ બંધ કરવામાં આવેલ છે.

<u>**નિર્ણય માટેના મુદ્દા**</u>:–

(૭).. હાલના કામે ઉપરોકત હકીકતો, સંજોગો, ઉભયપક્ષોની રજુઆતો તથા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની જોગવાઈઓ ધ્યાને લેતાં, આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ અત્રેની અદાલત સમક્ષ ઉપસ્થિત થાય છે.

**:: મુ દ્દા ::**

(૧) શું ફરિયાદી નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીએ સમગ્ર રીતે અથવા અંશત: કોઈપણ કાયદેસરનુ દેવું કે અન્ય જવાબદારી અદા કરવા માટે, પોતે નિભાવતો હોય તેવા ખાતાનો સવાલવાળો ચેક ફરિયાદીને આપેલ અને તે ચેક નિયત સમયમાં ફરિયાદીએ બેંક સમક્ષ રજુ કરતા તે ચેક ચૂકવણી કર્યા વિના પરત ફરેલ છે અને તે અંગે ફરિયાદીએ આરોપીને નિયત સમયમાં નોટીસ આપી, સદરહું ચેકની રકમની માંગણી કરવા છતાં આરોપી નિયત સમયમાં સદરહું રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ ગયેલ છે અને તેમ કરી આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

<u>**મુદ્દાઓ પરત્વે નિર્ણય**</u>:–

(૮).. ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

<u>**કાયદાકીય જોગવાઈઓ:**</u>–

(૯).. હાલના કામે નિર્ણય માટેના કારણોની ચર્ચા કરતા અગાઉ આ કામે જયારે આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબનો ગુનો

કર્યાનો આક્ષેપ છે ત્યારે, નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ-૧૩૮ ધ્યાને લેતાં, સદર ગુનો સાબીત કરવા માટે ફરિયાદપક્ષે નીચે મુજબના તત્વો તેમના સકારાત્મક પુરાવાથી શંકાથી પર સાબીત કરવાના રહે છે. વધુમાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ-૧૩૯ તથા કલમ-૧૧૮ મુજબના અનુમાનો પણ ફરિયાદવાળા ચેક પરત્વે ફરિયાદની તરફેણમાં કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. આમ હાલના કામે કારણોની ચર્ચા કરતા અગાઉ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ-૧૩૮, કલમ-૧૩૯ અને કલમ-૧૧૮ ની જોગવાઈઓ ની ચર્ચા કરવી પણ અનિવાર્ય જણાય છે.

(૯.૧) હાલના કામે સૌપ્રથમ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ-૧૩૮ વંચાણે લેતા,

Section 138 in The Negotiable Instruments Act, 1881

[ 138 Dishonour of cheque for insufficiency, etc., of funds in the account. — Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provisions of this Act, be punished with imprisonment for [a term which may be extended to two years], or with fine which may extend to twice the amount of the cheque, or with both: Provided that nothing contained in this section shall apply unless—

(a) the cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier;

(b) the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice in writing, to the drawer of the cheque, [within thirty days] of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid; and

(c) the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or, as the case may be, to the holder in due course of the cheque, within fifteen days of the receipt of the said notice.

Explanation.— For the purposes of this section, "debt or other liability" means a legally enforceable debt or other liability.]

(૯.૨) ઉપરોકત ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ વંચાણે લેતા તેના તત્વો નીચે પ્રમાણે છે.

**૧. ચેક સમગ્ર અથવા અંશત: દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે આપવામાં આવેલ હોવો જોઈએ.**

**૨. આ ચેક અપુરતા ભંડોરના કારણે પરત આવેલ હોવો જોઈએ.**

**૩. છ માસ અથવા ચેકની કાયદેસરતાના સમયગાળા પૈકી જે વહેલું હોય તે સમયમાં ચેક બેંકમાં રજુ થવો જોઈએ.**

**૪. પેઈ અથવા ચેકના યથાનુક્રમ ધારકે બેંક તરફથી ચેક પરત થયાની માહિતી મળેથી ત્રીસ દિવસની અંદર, ચેક લખનારને લેખિતમાં નોટીસ આપીને નાણાંની સદરહું રકમની ચૂકવણી કરવા માટે માંગણી કરી હોવી જોઈએ.**

**૫. નોટીસ મળ્યા પછી પંદર દિવસમાં સદરહું ચેક લખનારે પેઈને અથવા યથાનુકમ ધારકને ચેકની રકમ ચુકવવામાં કસુર કરેલી હોવી જોઈએ.**

આ કલમના પરંતુક ધ્વારા એવુ જણાવામાં આવેલ છે કે, ઉપરોકત ક્રમ નં.૩,૪,૫ મુજબનું ન થયુ હોયતો, આ કલમ માનો કોઈ પણ મજકૂર લાગુ પડશે નહી. એટલે કે, ગુનો બનેલ ગણાશે નહી.

(૯.૩) વધુમાં આ કામના આરોપી સામે જયારે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ શિક્ષાપાત્ર ગુન્હાનો આક્ષેપ મુકેલ છે, તેવા સંજોગોમાં આરોપી વિરૂધ્ધ ધી નેગોશયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ–૧૩૯ તથા કલમ–૧૧૮ અન્વયે કરવામાં આવેલ ફરજીયાત અનુમાનોને લગતી જોગવાઈઓ ઘ્યાને લેવી જરૂરી છે. જેથી આ કામે મુદ્દા નં. ૧ ની ચર્ચા કરતા અગાઉ આ કાયદાની કલમ–૧૩૯ તથા કલમ–૧૧૮ ની મહત્વની જોગવાઈઓની અત્રે નોંધ કરવી જરૂરી છે. જે નીચે મુજબ છે.

**139. Presumption in favour of holder.**

It shall be presumed; unless the contrary is proved that the holder of a cheque received the cheque of the nature referred to in Section 138 for the discharge, in whole or in part, or any debt or other liability.

(૯.૩.૧) વધુમાં કાયદાની કલમ–૧૧૮ અન્વયે ફરિયાદીની તરફેણમાં અનુમાન ઉપસ્થિત થાય છે, જે નીચે મુજબ છે.

**118. Presumptions as to negotiable instruments of consideration.-**

Until the contrary is proved, the following presumptions shall be made:-

**(a) of Consideration** - that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, was accepted, indorsed, negotiated or transferred for consideration;

**(b) as to date** - that every negotiable instrument bearing s date was made or drawn on such date ;

**(c) as to time of acceptance** -- that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its maturity;

**(d) as to time of transfer** -- that every transfer of a negotiable instrument was made before its maturity;

(e) **as to order of indorsements** -- that the indorsements appearing upon a negotiable instrument were made in the order in which they appear thereon;

(f) **as to stamps** -- that a lost promissory note, bill of exchange or cheque was duly stamped;

(g) **that holder is a holder in due course** -- that the holder of a negotiable instrument is a holder in due course; provided that, where the instrument has been obtained from its lawful owner, or from any person in lawful custody thereof, by means of an offence or fraud, or has been obtained from the maker or acceptor thereof by means of an offence or fraud, or or unlawful consideration, the burden of proving that the holder is a holder in due course lies upon him.

(૯.૪) આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઈઓ ઘ્યાને લેતાં ધી નેગોશીયેબલ ઈનસ્ટ્રુમેન્ટ એકટ ની કલમ–૧૩૮ મુજબની ફરિયાદમાં જયાં સુધી વિરૂઘ્ધની હકીકત સાબિત કરવામાં ના આવે ત્યાં સુધી ધી નેગોશીયેબલ ઈનસ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ મુજબના અનુમાનો ચેકના ધારણકર્તાની તરફેણમાં કરવાના રહે છે.

(૧૦).. હાલના કામે જયારે આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ –૧૩૮ મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ છે, ત્યારે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ –૧૩૮ ની જોગવાઈ ઘ્યાને લેતા, સદર ગુનો સાબીત કરવા માટે ફરિયાદપક્ષે તેમના સકારાત્મક પુરાવાથી એ હકીકત સાબીત કરવાની રહે છે કે, તે ચેક આરોપી ઘ્વારા સમગ્ર અથવા અંશત: દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે ફરિયાદીને આપવામાં આવેલ હતો અને સદર ચેક અપુરતા ભંડોળના કારણે ચુકવણી થયા વિના પરત ફરેલ હતો. વધુમાં, આ કામના આરોપી સામે જયારે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનાનુ તહોમત છે, તે સંજોગોમાં તે કાયદાની કલમ–૧૧૮ તથા ૧૩૯ ની જોગવાઈ તથા નામદાર ઉચ્ચ અદાલતો ઘ્વારા સદર કલમ–૧૧૮ તથા ૧૩૯ ની જોગવાઈ

આધારેલ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબના ગુના અંગે જે સિધ્ધાંતો પ્રતિપાદિત કરવામાં આવેલ છે, તે ઘ્યાને લેતાં એ હકીકત સ્પષ્ટ થાય છે કે, કલમ-૧૩૮ મુજબના ગુના અંગેના કેસમા જયાં સુધી આરોપી ઘ્વારા વિરૂઘ્ધનુ પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી કોર્ટે એવુ અનુમાન કરવાનુ રહે છે કે, સવાલવાળો ચેક, તે ચેક સહી કરનારે અવેજના બદલામાં અને તેનુ હાલનુ કાયદેસરનુ દેવું અથવા તો અન્ય જવાબદારી અદા કરવા માટે આપેલ છે. વધુમાં, આ રીતે કરવામાં આવતા કાયદાકીય અનુમાનોનુ કોર્ટ સમક્ષ સબળ અને સચોટ પુરાવાથી ખંડન કરવાની જવાબદારી, સદરહું ચેક લખનારના શીરે રહે છે અને આરોપી ઘ્વારા માત્ર તે હકીકતોનો ઈન્કાર કરી દેવા માત્રથી જવાબદારીનો તે બોજો ફરિયાદી ઉપર ખસી જતો નથી.

(૧૦.૧) વધુમાં આ અંગે નામદાર સર્વોચ્ચ અદાલતના **Hiten P. Dalal V/s. Bratindranath Banerjee** ના**(2001) 6 SCC 16** ના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સીધ્ધાંત નજર સમક્ષ રાખતા તેમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે,

"the moment cheque is issued the presumption runs against the accused. The words used for the presumption are "unless contrary is proved". Therefore, the accused either by way of cross-examination or by leading satisfactory evidence equivalent to the degree of proof or at-least to the level of moral certainty to establish that the cheque was not issued for legally enforcible liability.'

(૧૦.૨) વધુમાં, ઉપરોકત નામદાર સર્વોચ્ચ અદાલતના **Hiten P. Dalal V/s. Bratindranath Banerjee** ના **(2001) 6 SCC 16** ના ચુકાદામાજ નામદાર સર્વોચ્ચ અદાલતે, આ કાયદાની કલમ-૧૧૮, ૧૩૮ તથા ૧૩૯ સંદર્ભે આ કાયદાના અનુમાનોનુ તથા હકીકતોનુ ખંડન કરવાની જવાબદારી આરોપી કેવી રીતે નિભાવી શકે તે અંગે વિગતવાર ચર્ચા કરતા ઠરાવેલ છે કે,

"......It introduces an exception to the general rule as to the burden of proof in criminal cases and shifts the onus on to the accused" (ibid). Such a presumption is a presumption of law, as distinguished from a presumption of fact which describes provisions by which the court "may presume" a certain state of affairs. Presumptions are rules of evidence and do not conflict with the presumption of innocence, because by the latter all that is meant is that the prosecution is obliged to prove the case against the accused beyond reasonable doubt. The obligation on the prosecution may be discharged with the help of presumptions of law or fact unless the accused adduces evidence showing the reasonable possibility of the non-existence of the presumed fact.

...... Therefore, the rebuttal does not have to be conclusively established but such evidence must be adduced before the Court in support of the defence that the Court must either believe the defence to exist or consider its existence to be reasonably probable, the standard of reasonability being that of the 'prudent man'.

....... In the case of a discretionary presumption the presumption if drawn may be rebutted by an explanation which "might reasonably be true and which is consistent with the innocence" of the accused. On the other hand in the case of a mandatory presumption "the burden resting on the accused person in such a case would not be as light as it is where a presumption is raised under S.114 of the Evidence Act and cannot be held to be discharged merely by reason of the fact that the explanation offered by the accused is reasonable and probable. It must further be shown that the explanation is a true one. The words 'unless the contrary is proved' which occur in this provision make it clear that the presumption has to be rebutted by 'proof' and not by a bare explanation which is merely plausible."

**<u>નિર્ણય માટેના કારણો:–</u>**

(૧૧).. ઉપરોક્ત હાલની ફરિયાદની હકીકતો તથા રજુ થયેલ મૌખીક તથા દસ્તાવેજી

પુરાવાઓ તથા કાયદાકીય જોગવાઈઓ નજર સમક્ષ રાખતા હાલના કામે ઉપસ્થીત થયેલ નિર્ણય માટે ના મુદ્દાઓ પરત્વેના કારણો નીચે મુજબ છે.

**<u>મુદ્દા નં.૧:</u>–**

(૧૨).. હાલના કામે, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૮ ના તત્વો તથા તે અંગે નામદાર ઉચ્ચ અદાલતો ધ્વારા પ્રતિપાદિત કરવામાં આવેલ સિધ્ધાંતો ધ્યાને લેતાં આ કામે રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામે ફરિયાદી મહેશભાઈ કેશાભાઈ સમેચાની આંક–૪ થી પુરાવા તરીકે સોગંદનામા સ્વરૂપે સરતપાસ રજુ થયેલ છે.તે સરતપાસની જુબાનીમાં ફરિયાદીએ તેમની આંક–૧ ની ફરિયાદ મુજબની હકીકતોનુ નિરૂપણ કરી, ફરિયાદની હકીકતોને સંપૂર્ણ પણે સમર્થન આપેલ છે. આમ, આ કામે ફરિયાદીની સંપૂર્ણ જુબાની ધ્યાને લેતાં એ હકીકત સ્પષ્ટ થાય છે કે, આ કામે સદરહુ આંક–૧૨ વાળો ચેક આરોપીના ખાતાનો છે, ચેકમાં આરોપીની સહી છે અને સદરહુ ચેક''Funds Insufficient''ના કારણે વણચુકવ્યે પરત થયેલ છે. આમ, આંક–૧૨ વાળા ચેક ઉપરથી તથા રેકર્ડ ઉપરના પુરાવા ઉપરથી સર્વપ્રથમ એ હકીકત સ્પષ્ટ થાય છે કે,આંક–૧૨ વાળો ચેક આરોપી ધ્વારા નિભાવવામાં આવતા ખાતાનો ચેક છે અને તેમાં આરોપી ની સહી છે તથા તે ચેક ફરિયાદીની કસ્ટડીમાંથી આ કામે રજૂ થયેલ છે.

(૧૩).. આમ,રેકર્ડ ઉપરની ઉપરોકત નિર્વિવાદીત હકીકતો ધ્યાને લેતાં,આ કામે ઉપરોકત ચર્ચા કર્યા મુજબ જયારે,સદરહું આંક–૧૨ વાળો ચેક આરોપી ધ્વારા નિભાવવામાં આવતા બેંક ખાતાનો હોવા બાબતે,કે તે ચેકમાં આરોપીની સહી હોવા બાબતે, કે તે ચેક આરોપીના ખાતાવાળી બેંક ધ્વારા ''Funds Insufficient'' ના કારણે પરત ફરેલ હોવા બાબતે કોઈ તકરાર લેવામાં આવેલ ન હોય,ત્યારે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૯ મુજબ જયાં સુધી વિરૂધ્ધનું સાબીત ન થાય ત્યાં સુધી સદરહુ ચેક આરોપીએ અવેજને માટે ફરિયાદીને લખી આપેલ હતો,તેવુ અનુમાન ફરિયાદીની તરફેણમાં કરવાનુ રહે છે. તે તમામ સંજોગોમાં આ કામે આરોપી નાઓએ સદરહું

આંક–૧૨ વાળો ચેક તેમનું કાયદેસરનું સમગ્ર અથવા અંશતઃ દેવુ કે અન્ય જવાબદારી અદા કરવા માટે ફરિયાદીને આપેલ છે,તેવી હકીકત ફરિયાદીની આંક–૪ ની સોગંદ ઉપરની જુબાની તથા આંક–૧૨ થી આંક–૧૮ સુધીના દસ્તાવેજી પુરાવાઓથી પુરવાર થાય છે.

(૧૪).. અત્રે ઉલ્લેખનીય છે કે,હાલના કામે ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૪ ની કલમ–૨૨૭ ના સમન્સની આરોપીને ધોરણસરની બજવણી થતા આરોપી અત્રેની અદાલતમાં હાજર થતા,તેમની આંક–૧૧ થી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૪ ની કલમ–૨૭૪ મુજબ પ્લી રેકર્ડ કર્યા બાદ અને તેની સાથે ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૪ ની કલમ–૩૫૧ મુજબ વધારાનું નિવેદન નોંધયા બાદ,સદર કામ ફરિયાદીની ઉલટતપાસ માટે રાખવામાં આવેલ હતું.પરંતુ આરોપી કે તેમના વિ.વ.શ્રી હાજર ના રહેતા ફરિયાદી તરફે આંક–૨૧ થી ફરિયાદીની આરોપી તરફેની ઉલટતપાસનો હકક બંધ કરવાની અરજી આપેલ,જે અત્રેની અદાલત ધ્વારા મંજુર થતા હાલના કામે ફરિયાદીની ઉલટતપાસ કરવાનો આરોપીનો હકક બંધ કરવામાં આવેલ છે.ત્યારબાદ સદર કામ ફરિયાદપક્ષ તથા આરોપીપક્ષ તરફેની ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૪ ની કલમ–૩૫૨ મુજબની આખરી દલીલો માટે રાખવામાં આવેલ છે,જેમાં ફરિયાદી તરફે મૌખીક દલીલો કરવામાં આવેલ છે. પરંતુ સદર કામ જયારે કેસની આખરી દલીલ માટે રાખવામાં આવેલ હતું, ત્યારે પણ આરોપી કે તેમના વિ.વ.શ્રી અદાલત સમક્ષ હાજર રહેલ નથી,કે દલીલો પણ કરેલ નથી,કે કોઈ મુદત રીપોર્ટ પણ આપેલ નથી.જેથી હાલના કામે ફરિયાદી તરફે તેઓની મૌખીક દલીલો બાદ, આંક–૨૩ થી આરોપીની દલીલોનો હકક બંધ કરવા અરજી આપતા, અત્રેની અદાલત ધ્વારા સદર અરજી મંજુર કરી આરોપીની દલીલોનો પણ હકક બંધ કરવામાં આવેલ છે. હવે હાલના કામે એવો પ્રશ્ન ઉપસ્થિીત થાય છે કે,જયારે કામ ફરિયાદીની ઉલટતપાસ માટે રાખવામાં આવે અને જો આરોપી ટ્રાયલ લંબાવવાના આશયથી અદાલતની કાર્યવાહીમાં હાજર રહેતા ના હોય,તો શું આરોપી સામે પકડ વોરંટ કાઢવાને બદલે આરોપીનો ફરિયાદીની ઉલટતપાસ કરવાનો હકક,તેમજ દલીલોના હકક બંધ કરી આરોપીની ગેરહાજરીમાં ટ્રાયલ આગળ વધારી શકાય કે કેમ? તે અંગે અત્રે નામદાર ગુજરાત વડી

અદાલતનો **Manoj Vasudev Sompura vs State Of Gujarat** નો **2023(0)JX (Guj) 795, 2023 (0) AIJEL-HC 247313** નો ચુકાદો વંચાણે લેવો અનીવાર્ય જણાય છે. સદર ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત નજર સમક્ષ રાખતા તેમાં નામદાર ગુજરાત વડી અદાલતે પેરા.૧૨ માં ઠરાવેલ છે કે,

12. From the above set of facts, ***it appears that the decision to not remain present on the next date after getting his Further Statement u/s 313 of Cr.P.C. recorded on the earlier date and to not conduct cross-examination of the complainant in spite of being afforded with sufficient opportunities, was a deliberate or voluntary decision taken by the petitioner***. In the interregnum, there is nothing to suggest that the petitioner or his advocate had filed any application requesting the trial Court to grant him an opportunity to record his Further Statement u/s 313 of Cr.P.C. or to conduct cross-examination of the complainant. The petitioner went into oblivion after the date when his Further Statement u/s 313 of Cr.P.C. came to be recorded but before it could be exhibited. ***Therefore, the trial Court was left with no other option but to conduct the trial in the absence of the petitioner, who had deliberately or voluntarily chosen to evade the trial proceedings. Under these circumstances, there was no reason for the trial Court to issue any warrant against the petitioner, as contended by learned advocate for the petitioner. Moreover, the petitioner had not produced any evidence in his defence or had made any submissions either oral or in writing***.

(૧૪.૧) ઉપરોકત નામદાર ગુજરાત વડી અદાલતના ચુકાદામાં પ્રસ્થિાપીત થયેલ સિધ્ધાંત નજર સમક્ષ રાખતા જો આરોપી ઈરાદાપૂવર્ક અને સ્વેચ્છાએ અદાલતની કાર્યવાહીમાં હાજર રહેવાનું ટાળતા હોય,ત્યારે અદાલતે આરોપી સામે વોરંટ કાઢવાને બદલે આરોપીની ગેરહાજરી માં કેસની કાર્યવાહી આગળ ચલાવવી જોઈએ. હાલના કામે પણ રેકર્ડ ધ્યાને લેતા, આરોપીની ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૪ ની કલમ-૨૭૪ મુજબ પ્લી રેકર્ડ કર્યા બાદ અને તેની સાથે ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૪ ની કલમ-૩૫૧

વધારાનું નિવેદન નોંધયા બાદ,સદર કામ જયારે ફરિયાદીની ઉલટતપાસ માટે રાખવામાં આવેલ હતું,ત્યારે અરોપીને પોતાની સામેના કેસની જાણ હોવા છતાં ઈરાદાપૂર્વક અને સ્વેચ્છાએ અદાલત સમક્ષની કાર્યવાહીમાં હાજર રહેતા ના હોય,આરોપી સામે વોરંટ કાઢવાના બદલે આરોપીની ગેરહાજરીમાં હાલના કેસની કાર્યવાહી આગળ ચલાવેલ છે, જે ઉપરોકત નામદાર ગુજરાત વડી અદાલતનાં ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત નજર સમક્ષ રાખતા તથા હાલના કેસનું રેકર્ડ રેકર્ડ જોતા યોગ્ય જણાય છે.

(૧૫).. વધુમાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૮ અંગેના ગુનામાં અદાલતે માત્ર આરોપીએ સદરહું ચેક કોઈપણ દેવા કે અન્ય જવાબદારી અદા કરવા માટે આપેલ છે કે કેમ? એટલું જ જોવાનુ રહેતુ નથી.પરંતુ,તેની સાથોસાથ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૮ ના ગુનાના અન્ય તત્વો રેકર્ડ ઉપરથી સાબીત થાય છે કે કેમ? તે હકીકત પણ ઘ્યાને લેવાની રહે છે. સદરહુ હકીકત અંગે સૌપ્રથમ આંક–૧૨ વાળો ચેક જોવામાં આવે તો, તે ચેક તા.૧૬/૧૨/૨૦૨૪ ની તારીખનો છે તથા ફરિયાદી ઘ્વારા તે ચેકની કાયદેસરતાના સમયગાળા દરમ્યાન તેમના બેંક એકાઉન્ટમાં વટાવવા માટે રજૂ કરવામાં આવેલ છે. વધુમાં રેકર્ડ ઉપર રજુ થયેલ આંક–૧૩ ના સદરહુ ચેક રીટર્ન થયા અંગેના રીટર્ન મેમો ઘ્યાને લેતાં,સદરહુ ચેક''Funds Insufficient''ના શેરા સાથે ચુકવણી થયા વગર તા.૧૮/૧૨/૨૦૨૪ ના રોજ પરત થયેલ.ત્યારબાદ ફરિયાદી ઘ્વારા નિયત ત્રીસ દિવસની અંદર એટલે કે, તા.૧/૦૧/૨૦૨૫ ના રોજ આંક–૧૪ થી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૮(બી) મુજબની સદરહુ ચેકની રકમની માંગણી કરતી નોટીસ આરોપીને રજી.પોસ્ટ.એડી.થી મોકલાવેલ હોવાની હોવાની હકીકત આંક–૧૫ વાળી પોસ્ટ ખાતાની સ્લીપ ઉપરથી અને તે નોટીસ આ કામના આરોપીને તા.૩/૦૧/૨૦૨૫ ના રોજ બજી ગયેલ હોવાની હકીકત આંક–૧૬ વાળા પોસ્ટ ખાતાના ટ્રેક કન્સાઈન્મેન્ટ ઉપરથી સાબીત થાય છે.વધુમાં સદર નોટીસ બજી ગયા પછી પણ આરોપીએ સદર નોટીસ મુજબની રકમ નિયત સમયમાં એટલે કે, નોટીસ મળ્યાના ૧૫ (પંદર) દિવસમાં ફરિયાદીને ન ચુકવતા અને ફરિયાદીને કલમ–૧૩૮(સી) મુજબ ફરિયાદ

કરવાનું કારણ ઉભું થતા ફરિયાદીએ હાલની ફરિયાદ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ-૧૪૨ (બી) માં જણાવેલ ૧(એક) માસની મુદતમાં તા.૬/૦૨/૨૦૨૫ ના રોજ અત્રેની અદાલતમાં દાખલ કરી દીધેલ હોવાની હકીકત પણ રેકર્ડ ઉપરથી સાબીત થાય છે. આમ, રેકર્ડ ઉપરથી આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ-૧૩૮ ના ગુના મુજબનાં તમામ તત્વો સાબીત થયેલ હોવાનું રેકર્ડ ઉપરથી જણાઈ આવે છે.

(૧૬).. આમ, ઉપરોકત તમામ વિસ્તૃત ચર્ચા ના અંતે હાલના કામે આરોપી વિરૂધ્ધ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ-૧૩૮ મુજબના ગુનાનાં તત્વો રેકર્ડ ઉપર સાબીત થયેલ છે. તે સંજોગોમાં મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં આપવામા આવે છે અને આ કામના આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ- ૧૩૮ મુજબનાં સજાને પાત્ર ગુના અંગે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

(૧૭).. આમ, આ કામના આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ-૧૩૮ મુજબના સજાને પાત્ર ગુના અંગે તકસીરવાન ઠરાવવામાં આવેલ હોઈ, આરોપીને સજા કરતા પહેલાં,સજા અંગે રજુઆત કરવાની તક આપવાનું, અત્રેની અદાલતને ન્યાયી અને ઉચિત જણાતુ હોઈ, ન્યાયના હિતમાં હાલનું કામ સજા અંગે સાંભળવા માટે હાલ પુરતુ મુલત્વી રાખવામાં આવે છે.

હુકમ આજ તા.૩૧,માહે જુલાઈ,સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૩૧/૦૭/૨૦૨૬
સ્થળ: ડીસા.

**(માહિરશાદ નૌશાદહુસૈન સૈયદ)**
એડી.ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ,ડીસા
કોડ નં.જીજે ૦૧૧૨૮

:: <u>સજા અંગે સાંભળ્યા</u> ::

(૧૮).. આ કામે આજરોજ આરોપી કે તેમના વિ.વકીલશ્રી હાજર નથી.પરંતુ આરોપીનો અગાઉ કોઈ ગુનાહિત ઈતિહાસ હોવાની કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. જયારે ફરિયાદીના વિ.વકીલશ્રી ધ્વારા રજૂઆત કરવામાં આવેલ છે કે, ફરિયાદપક્ષ ધ્વારા પોતાનો કેસ યોગ્ય પુરાવાઓથી પુરવાર કરવામાં આવેલ છે. તેમજ હાલનો વ્યવહાર જે અરસામાં થયેલ છે ત્યારથી આજ દિવસ સુધીનો સમયગાળો ધ્યાને લેતાં, આરોપીને કાયદામાં જણાવ્યા મુજબની મહત્તમ સજા તથા દંડ કરવા તથા તેઓને આરોપી પાસેથી મહત્તમ વળતર અપાવવા રજૂઆત કરેલ છે.

(૧૮.૧) હાલના કામે સજા અંગે ઉભયપક્ષની ઉપરોકત રજૂઆતો ધ્યાને લીધી, આ કામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ-૧૩૮ અંગે સજાની જોગવાઈ જોવામાં આવે તો તે મુજબનો ગુનો સાબીત થયે આરોપીને બે વર્ષ સુધીની કેદની શિક્ષાની અથવા ચેકની રકમથી બમણી કિંમતના દંડ સુધીની અથવા તે બંન્ને શિક્ષાની જોગવાઈ કરવામાં આવેલ છે. વધુમાં, ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૪ ની કલમ-૨૩(૧) જોવામાં આવે તો તેમાં ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કરી શકે તે સજાઓનું વર્ણન કરવામાં આવેલ છે અને તે મુજબ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટની ન્યાયાલય, મોતની કે આજીવન કેદની કે સાત વર્ષ કરતાં વધુ મુદતની કેદ સિવાયની કાયદા અનુસારની કોઈપણ સજા ફરમાવી શકશે,તેવી જોગવાઈ કરવામાં આવેલ છે.

(૧૮.૨) વધુમાં હાલના કામે આજરોજ કામ આખરી ચુકાદા માટે હોય અને આરોપી કે તેમના વકિલશ્રી હાજર નથી, ત્યારે આરોપીની ગેરહાજરીમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય કે કેમ? તેમજ આરોપીની ગરહાજરીમાં સજા સંભળાવી શકાય કે કેમ? તેમજ આરોપી સામે સજાના અમલ માટે વોરંટ કાઢી શકાય કે કેમ? તે અંગે આ તબકકે નામદાર ગુજરાત વડી અદાલતના **Sharad Jethalal Savla V/S State of Gujarat and Others** ના **2017(3) GLR 2353, 2017(3) GLH 146** ના ચુકાદામાં પ્રસ્થાપીત થયેલ સીધ્ધાંત

નજર સમક્ષ રાખવો જરૂરી જણાય છે, સદર ચુકાદામાં નામદાર ગુજરાત વડી અદાલતે પેરા–૨૨,૨૫ તથા ૨૭ માં ઠરાવેલ છે કે,

22. ***So far as the first question is concerned as regards the pronouncement of the judgment and order of conviction and sentence in the absence of the applicant accused, I am of the view that no illegality could be said to have been committed by the trial Court***.

25. ***However, the judgment that the learned Magistrate may pronounce in the absence of the accused by itself will not vitiate the judgment. Sub-section (7) of Section 353 of the Cr.P.C. clearly lays down that no judgment delivered by any criminal court shall be deemed to be invalid by reason only of the absence of any party***.

27. ***So far as the second question is concerned, I am of the view that the trial Court committed no error in issuing a non-bailable warrant of arrest having noticed that the accused was not present at the time of pronouncement of the judgment and order of conviction and sentence in view of the provisions of Section 418(2) of the Cr.P.C. Under Subsection (2) of Section 418 of the Cr.P.C., when the accused sentenced to imprisonment is not present in the Court, the Court has to issue a warrant of his arrest and the sentence shall commence on the date of his arrest***. I am of the view that the Magistrate had two options. He could have, before pronouncement of the judgment and order of conviction and sentence, enforced the attendance of the applicant accused in the Court or pronounce the judgment in the absence of the accused and issue warrant of arrest. The learned Magistrate thought fit to adopt the latter part of the procedure i.e. pronounced the judgment, and thereafter, proceeded to issue a warrant under Section 418(2) of the Cr.P.C.

(૧૮.૨.૧) ઉપરોકત નામદાર ગુજરાત વડી અદાલતના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સીધ્ધાંત નજર સમક્ષ રાખતા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ–૩૫૩(૭) મુજબ જો અદાલત જે તારીખે ચુકાદો આપવા માટે રાખેલ હોય તે તારીખે કોઈ પક્ષકાર કે તેના વકીલશ્રી ગેરહાજર હોય તો પણ અદાલત ચુકાદો સંભળાવી શકશે અને પક્ષકારો કે તેમના વકીલશ્રી ની ગેરહાજરી ના કારણે અદાલતે આપેલ ચુકાદો ગેરકાયદેસર ગણાશે નહી. તેમજ જયારે અદાલત ઘ્વારા જે તારીખે ચુકાદો આપવાનો હોય તે તારીખે આરોપી ગેરહાજર હોય અને અદાલત ઘ્વારા આરોપીને સજા કરવામાં આવે તો, અદાલત આરોપીને પકડવાનું વોરંટ કાઢી શકે છે. હાલના કામે પણ આજરોજ કામ ચુકાદા માટે રાખવામાં આવેલ છે, પરંતુ આરોપી કે તેમના વિ.વકિલશ્રી હાજર નથી.જેથી આરોપી ની ગેરહાજરીમાં ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૪ ની કલમ–૩૯૨(૭)મુજબ ચુકાદો સંભળાવવો,તેમજ આજરોજ હાલના કામે આરોપીને તકસીરવાન ઠરાવી સજા કરવાનું, તેમજ આરોપીને પકડવાનું વોરંટ કાઢવું પણ હાલના કેસનું રેકર્ડ ઘ્યાને રાખતા તથા ઉપરોકત નામદાર ગુજરાત વડી અદાલતના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સીધ્ધાંત નજર સમક્ષ રાખતા ન્યાયીક જણાય છે.

(૧૮.૩) આમ, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૮ અંગેના ગુના અંગે સજાની જોગવાઈઓ તથા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૮ ના ઉદ્દેશો તથા આ કેસના સંજોગો ઘ્યાને લેતા સદરહુ ફરિયાદવાળો ચેક આરોપી ઘ્વારા સને–૨૦૨૪ ની સાલમાં ઈશ્યુ કરવામાં આવેલ છે. તે ઉપરાંત, કેસ ચાલતા લાગેલ સમય, સદરહુ ચેકની રકમ, પ્રર્વતમાન વ્યાજનો દર, ફરિયાદીને સદરહુ ચેક રીટર્ન થયાથી થયેલ નુકશાન તથા ખર્ચ તથા તેની સાથોસાથ આરોપીનો કોઈ ગુનાહિત ઈતિહાસ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ ના હોવાની બાબત, આરોપીની ઉંમર તથા તેમના ઉપરની જવાબદારી વિગેરે હકીકતો ઘ્યાને લેતાં,તેમજ ફરિયાદીપક્ષે પણ આરોપી પાસેથી તેમને વળતર અપાવવા આ કેસમાં માંગણી કરવામાં આવેલ છે,

તે તમામ સંજોગો ધ્યાને લેતાં, અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે કે, જો આ કામના આરોપીને એક વર્ષની સાદી કેદની સજા કરવામાં આવે અને આરોપીએ ચેકની રકમ એટલે કે રૂા.૧,૩૮,૦૦૦/– અંકે રૂપિયા એક લાખ આડત્રીસ હજાર પુરા વળતર તરીકે ફરિયાદીને ચુકવવામાં આવે તો, ન્યાયનું હિત જળવાય તેમ છે. તે તમામ સંજોગોમાં આ કામે મુદ્દા નં. ૨ અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

(૧) આ કામના આરોપી કરણભાઈ નથુભાઈ ખડેડીયા, ઉ.વ.આ.પુખ્ત, ધંધો. વેપાર, રહે.ગજાનંદ કોલ્ડ સ્ટોરેજ, રાણપુર આથમણોવાસ, પ્રાઈમરી સ્કુલ પાસે, તા.ડીસા, જિ.બનાસકાંઠા વાળા નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૪ ની કલમ–૨૭૮(૨) અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુનાના કામે તકસીરવાન ઠરાવી ૧ (એક) વર્ષની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) વધુમાં આરોપી કરણભાઈ નથુભાઈ ખડેડીયા, ઉ.વ.આ.પુખ્ત, ધંધો. વેપાર, રહે.ગજાનંદ કોલ્ડ સ્ટોરેજ, રાણપુર આથમણોવાસ, પ્રાઈમરી સ્કુલ પાસે, તા.ડીસા, જિ.બનાસકાંઠા વાળા નાઓએ આ હુકમની તારીખથી બે માસની મુદતમાં આ કામના ફરિયાદીને રૂા.૧,૩૮,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ આડત્રીસ હજાર પુરા)ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૪ ની કલમ–૩૯૫(૩) મુજબ વળતર તરીકે ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે અને તે રકમ ચુકવવામાં ન આવે તો, આરોપીએ વધુ ૬ (છ) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીએ અગાઉ કોઈ જામીનખત આપેલ હોય તો, તે રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આરોપી આજરોજ અત્રેની અદાલતમાં હાજર ના હોય અને તકસીરવાન ઠરાવેલ હોય ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૪ ની કલમ–૪૦૪(૧) મુજબ આ ચુકાદાની એક પ્રમાણિત નકલ આરોપી હાજર થયેથી તાત્કાલીક વિના મુલ્યે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૪ ની કલમ–૪૬૮ મુજબ આરોપી જેટલો સમય જયુડી. કસ્ટડીમાં રહેલા હોય તેટલો સમય મજરે આપવો.

(૬) આરોપી આજરોજ નામદાર અદાલતમાં હાજર ના હોય,આરોપી વિરૂધ્ધ સજાના અમલ માટે વોરંટ કાઢવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૩૧,માહે જુલાઈ,સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૩૧/૦૭/૨૦૨૬
સ્થળ: ડીસા.

**(માહિરશાદ નૌશાદહુસૈન સૈયદ)**
એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,ડીસા
કોડ નં.જીજે ૦૧૧૨૮